# સંપાદકની સાત્ત્વિક સંવેદના

બાપજી, આ સંવેદના સાત્ત્વિક છે છતાં કોઈ પણ ભક્તને ગમે કે ના ગમે તેથી પ્રથમ હું આપની તથા સૌ ભક્તોની ક્ષમા યાચું છું. બાપજી ! પુત્ર બાપ પાસે હૈયાની વરાળ ના ઠાલવે તો ક્યાં ઠાલવે ?

પૂ.શ્રીને હજુ આપણે એમના સ્થૂળ દેહનાં જ દર્શન કરીએ છીએ કે શું ? કે આપણે બધા પરબ્રહ્મ પરમાત્મા છે ઐશ્વર્યોથી સભર, સર્વ વ્યાપક, સર્વાશ્રત્વ, સર્વજ્ઞત્ત્વ અને સર્વસુખત્ત્વથી સભર છે તેના દર્શન કરીએ છીએ ? સ્થૂળ દેહે તેમને દેશ, કાળ ને ધ્યાનમાં રાખી બોધપાઠ આપ્યો હોય કે ના ગમ્યું હોય ને સાત્ત્વિક ગુસ્સો પણ કર્યો હોય તેને આપણે આપણા પૂર્વાકર્માનુસાર આપણે જે લઈને આવેલા સંસ્કારો સાથે જોડીને પૂ.શ્રીને એ રીતે કેમ પકડી રાખીએ છીએ ? અભેદ ભક્તિથી પૂજ્યશ્રીની પરબ્રહ્મ પરમાત્મા, શ્રેષ્ઠ ગુરુત્ત્વને સમજીને ભક્તિ કરવાથી મને મારા કર્માનુસાર, ગત જન્મનાં કે આ જન્મનાં જે ફળ મળવાના હોય તે ભલે મળો. બાપ પાસે મારી આ સાત્ત્વિક સંવેદના યાચનારૂપે મારા બાપ પાસે રજૂ કરું છું. મને ખબર છે આપની દૃષ્ટિ સદા સર્વદા અભેદ છે. જે જેવું, જેવા આશયથી, જેવી શ્રદ્ધા તથા નિષ્ઠાથી કર્મ કરશે તેવું જ આપ ફળ આપશો. આપને તો ભક્તિ, ભક્તની ભાવના સિવાય કશું જ અડતું નથી.

બાપજી, એ નિર્વિવાદ છે કે જે કાંઈ બની રહ્યું છે તે આપની ઈચ્છાથી જ તથા દરેક ભક્તના શુભ, ગાંડાઘેલાં સંકલ્પો પૂરા કરવા માટે જ બની રહ્યું છે. માટે જ તો આપે ‘‘એકી સાથે આઠ સ્વરૂપ ધરીને ભક્તોની ઈચ્છા પૂરી કરી પણ અમે આમાંથી શું સમજ્યા ?

ભૌતિક્તાથી સભર ભક્તો લાખોનાં લાખો રૂપિયા પારાયણો પાદુકાપૂજનો તથા અન્ય કાર્યક્રમોમાં ખર્ચે છે. બરાબર છે. કરનાર (ભાગ લેનાર) તથા કરાવનાર ખૂબ જ પુણ્ય કમાયા પણ ખરા, પરંતુ આ લાભ કેટલા જણને મળ્યો ગણાય. આટલા બધા રૂપિયા ખર્ચાયા પછી જો મૂઠીભર ભક્તોને લાભ મળે તેના બદલે આવા ને આટલા પૈસા વડે હાલમાં વિકસેલી નવી ટેકનોલોજી વડે એવા પ્રોજેક્ટ બનાવવામાં આવે જે વિશ્વના બધા જ બાપજીના ભક્તો લાભ લઈ શકે તો આ પૈસાનો કેવો સરસ ઉપયોગ લોક સેવાર્થે થયો

ગણાય ! એ પણ બરાબર છે કે ભગવાનનાં કોઈપણ કાર્યક્રમમાં ગમે તેટલા પૈસા ખર્ચાય એની કોઈ વિસાત નથી. પરંતુ પૂ.શ્રીને આ ગમશે ? આના પર પૂ.શ્રીની બીજી બાજુ (Flexibility) ને ધ્યાનમાં રાખીને, અભેદ દૃષ્ટિથી, ખૂબ જ શાંત મનથી અને તટસ્થતાથી વિચારવાની જરૂર છે. આવા કાર્યક્રમો કર્યા ને થોડા વખતમાં ભૂલાઈ ગયા. એવું નથી લાગતું કે ખરા દિલની અને હૃદયના સાતમા પડદે (સાતમા લેયર)થી ઊઠતી ખરેખર ભક્તિભરી ભાવના આવા કાર્યક્રમો કરવામાં ગૌણ બની જાય છે અને દેખાદેખી તથા થોડા અહમ ઉપર આવવાથી આવા કાર્યક્રમો થતા હોય છે. પૂ.શ્રીએ 'તેલનો' પ્રસંગ, તથા નારેશ્વરમાં થયેલ સર્જરી કેમ્પ દ્વારા કેટલી મોટી ક્રાંતિ સર્જી હતી ! ગામના કેટલાય ગરીબભક્તોને ત્યાં તેલ પહોંચ્યું હતું તથા કેટલાય દર્દીઓની વિનામૂલ્યે સર્જરી થઈ હતી. એકી સાથે જનોઈનો કાર્યક્રમ સરખેજમાં થયો હતો. પૂ.શ્રીએ એક જગ્યાએ એવું પણ કહ્યું છે કે, "જેને જે કહેવું હોય તે કહે કે ગમે તે વિચારે, ભગવાનનાં કામમાં ભવ્ય કાર્યક્રમ થતો હોય તો થવા દો." વિવેકથી વિચારીએ તો અહીં વર્ષમાં આવતા એક બે પ્રસંગોની વાત છે. કાર્યક્રમો ના જ થવા જોઈએ એવું પણ નથી. પરંતુ વર્ષમાં બે કાર્યક્રમો આવા થતા હોય તો બીજા બે કાર્યક્રમોને પ્રોજેક્ટમાં ફેરવીને પૂ.શ્રી કે દત્તપરંપરાને વણી લઈને ભવિષ્યની પ્રજાને કામ લાગે તેવામાં પૈસા ખર્ચાવા જોઈએ. પારાયણો, પાદુકાપૂજનો કે ભજનોનો કાર્યક્રમ આ બધાં જ ભક્તિનાં જુદા જુદા અંગો છે, કરવા પણ જોઈએ. પરંતુ આમાને આમાં જ ગળાડૂબ રહીશું તો ભક્તોની અન્ય સેવા માટે ક્યારે જાગીશું ?

આવનાર નવી જનરેશન - યુવાન ભક્તો કે જે પૂ.શ્રીને આપણે જેટલી ડેપ્થ (depth) માં જાણીએ છીએ તેટલું કદાચ ના પણ જાણતા હોય. નારેશ્વરમાં લાખો નવા નવા ભક્તો દર્શનાર્થે આવે છે. તથા જે કોઈ ઈચ્છાથી આવ્યા હોય તે પૂરી પણ થાય છે.પરંતુ બીજા કે ત્રીજા જનરેશન માટે શું ? જે કોઈ કૂતુહલતાથી કે થોડું જાણીને કે દેખાદેખીથી આવે ને પૂ.શ્રીના દર્શન કરે પણ જો પરબ્રહ્મ સ્વરૂપ પૂ.શ્રી બાપજીને એ બરાબર ના જાણતા હોય તો શ્રદ્ધા તથા દર્શન કરવાના ભાવમાં ફરક પડે કે નહીં ? ભગવાનની મહત્ત્વતા, તેના ગુણો, ઐશ્વર્યને સમજી ભાવથી દર્શન ક્યારે થાય ? જો ભગવાનની મહાનતાને આપણે બરાબર સમજ્યા હોઈએ તો. તો પૂ.શ્રીની આપણા બાપની આ મહાનતાને કાયમ રાખવા એમના ભક્તો, પુત્રોની ફરજ શું ?



પૂજ્ય શ્રીએ આપણને કેટલું બધું વૈદિક સાહિત્ય આપ્યું છે. જેમકે ભજનો, પ્રભાતિયા, ધૂનો, સ્તોત્રો, દોહરા. વળી દરેકની કક્ષા તેમજ ઔચિત્યને, પસંદગીને પણ ધ્યાનમાં રાખીને આપ્યું છે. નહીં તો એક જ વાક્યનું સાહિત્ય કે આદેશ પૂરતો નથી ? "શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્ !" પરંતુ પૂ.શ્રીને દરેકની કક્ષા તથા ઉચિતતાની ખબર છે. સાંપ્રત સમયમાં તેને ધ્યાનમાં લેતા આપણી ફરજ શું ? શ્રી વ્યાસ ભગવાન, વાલ્મિકીજી, તુલસીદાસજી, નરસિંહ મહેતા, મીરાંબાઈ, કબીરજી વિગેરેનું સાહિત્ય યુગોથી ચાલતું આવ્યું છે ને યુગો સુધી ચાલશે તો ઊંચી કક્ષાનું આપણાં પૂ. બાપજીનું સાહિત્ય કેમ નહી ? પૂ.શ્રીની લાઈવ વીડિયો તથા એઓશ્રીના લાઈવ પ્રવચનો મને મેળવતા નાકે દમ આવેલો. હજુ પણ ઘણા ભક્તો પાસે પૂ. શ્રીનું ઘણું જ મટીરીયલ છે. પણ જાણે એ તેમનો જ ખજાનો હોય તેમ વર્તે છે. જેટલું મને મળ્યું છે તેનો આજે ભક્તો આનંદથી ઉપયોગ કરી રહ્યા છે. દત્ત પરંપરામાં જોઈએ તો આપણા બાપજીનું સાહિત્ય અતિ ઉત્તમ છે તથા ભવિષ્યની પેઢીને ખૂબ જ ઉપયોગી થઈ પડશે. આપણી ફરજ પરિવારના કુટુંબનાં પિતાના (પૂજ્યશ્રીના) પુત્ર, પુત્રીઓ તરીકે પારિવારિક ભાવનાના ભાગ રૂપે આપણા પૂ. બાપજીનું આધ્યાત્મિક વાઙ્મય આપણે જાળવીને નવા જનરેશનને ગમે તથા ખૂબ જ પ્રેમથી ઉપયોગ કરે એ રીતે ન્યાય આપીને નવાં ઢાંચામાં મૂકવાની જરૂર છે. આવનાર જનરેશન ઘણું જ સ્માર્ટ આવશે. આપણે જેમ આપણા પિતા કહેતા તે કદાચ ગમે કે ના ગમે, નૈતિક કે અનૈતિક હોય તો પણ કહ્યું કરતાં હતાં જયારે નવું જનરેશન કાંઈ પણ સ્વીકારતા પહેલા એમને ઊઠતા પ્રશ્નોના જવાબ માગે છે. જો તેમને એ જવાબ નહીં મળે તો આપણા પુત્રો, પૌત્રો કે પ્રપૌત્રો આપણે કહીશું તો જ્યાં સુધી એમને આપણી જરૂર છે ત્યાં સુધી માનશે ખરા પરંતુ અંદરની એમની શ્રદ્ધાને પુષ્ટિ મળે એવી રજૂઆતો જો આપણે મૂકેલી નહિ હોય તો એમની માન્યતા, શ્રદ્ધા, નિષ્ઠા બદલાતા વાર નહીં લાગે.

અલબત્ત, પરિવારના વિદ્વાનો, પંડિતો, સંતો, કામ કરી જ રહ્યા છે. પરંતુ તે નવા જમાનાને અનુસાર કેટલું છે તેનો વિચાર કરવો જોઈએ. બાપુજી અમેરિકામાં આવીને યુવાનો તથા બાળકો માટે ઘણું કામ કરી રહ્યા છે. ઘણા વિદ્વાનોએ ઘણા બધા પુસ્તકો બહાર પાડ્યા છે. પણ આવનાર તથા અત્યારનાં

ફાસ્ટ, બીઝી, સમયની ખૂબ જ ખેંચ અનુભવતા ભક્તો થકી તેનો કેટલો ઉપયોગ થશે ? માટે બીજા Sources નો પણ વિચાર કરવો રહ્યો. આ માટે જૂની ઘરેડમાંથી બહાર નીકળી યુવાનોને ગમે તેવી નવી ટેકનોલોજીનો ઉપયોગ કરી, યુવાનોને વિશ્વાસમાં લઈ પૂ.શ્રીનું મીશન યુગો સુધી ચાલે એ રીતે આગળ વધવું જરૂરી છે.

મારા માતાપિતાના પુણ્યબળે તથા આ દેહ પર પૂ.શ્રીની (જ્યારે અમારે ઘરે પધારેલા ત્યારે) તીખી પણ મહેરવાળી, કૃપાદષ્ટિ પડવાને કારણે આ દેહ થકી પૂ.શ્રીની પ્રેરણા અનુસાર ભવિષ્યની પ્રજાને ગમે એ રીતે એઓશ્રીના સાહિત્યને (અન્યાય થવા દીધા વગર) ન્યાય આપવા પ્રયત્ન થયેલો છે, જે સુભગ ભક્તોને દેશમાં તથા વિદેશમાં ગમ્યો છે. પૂજ્યશ્રી પૂર્ણ કરાવશે તો 'રંગ હૃદયમ્'માંથી બોલી તથા ગાઈ શકાય તેવા ૨૭ સ્તોત્રોનું રેકોર્ડીંગ કરવાની શુભ કામના છે. શરૂઆતમાં, અંતરાઓ વચ્ચે, તથા અંતમાં મ્યુઝિક વગર કોરસથી જ ગવડાવવાનો વિચાર છે, અલબત્ત બેકગ્રાઉન્ડમાં ભક્તના કોન્સન્ટ્રેશનને ડીસ્ટર્બ ના થાય તે રીતે મ્યુઝીક મુકાશે. બીજો પ્રોજેક્ટ જે સૌ ભક્તો માટે તથા સૌ ભૌતિક્તાથી સભર ભક્તો દ્વારા થાય તે છે **પૂ.શ્રીની વીડિયો સિરિયલ.** પૂ.શ્રીના પ્રાદુર્ભાવથી લઈ સાંપ્રત દર્શનને આવરી લે તેવી. હાલમાં સ્ટાર ચેનલ પર ચાલી રહેલી સિરિયલ 'સાંઈબાબા' જેવી જો બને તો ભવિષ્યની પ્રજા અત્યારના કાર્યકર્તાનો ખૂબ જ આભાર માનશે. રામાનંદ સાગરની સિરિયલો જેવી કે રામાયણ, ક્રિષ્ના, સાંઈબાબા, કૃષ્ણકથા વગેરે ખૂબ જ સુંદર, દર્શનીય, ભાવવાહી બની છે. આવી જ, સિરિયલ જો બાપજીનો પરિવાર બનાવે તો કેટલું સરસ ! પરિવારનાં ભૌતિક્તા સભર તથા વિદ્વત્તા સભર ભક્તો જરૂર આના પર વિચાર કરે એવી મારી વિનંતી છે.

ફરી એક વાર ક્ષમાયાચું છું. પરંતુ નવું વિચારી, નવા જમાના અનુસાર પરિવારે ચાલવું ખૂબ જ જરૂરી છે એવું મારું માનવું છું.

*(આટલું લખવાની નિખાલસતા પૂ.શ્રીએ જ આપેલી છે તથા પ્રથમ ઉપરના વિચારો પ્રમાણે પ્રથમ આચરણ કરીને, ચાલીને પછી જ દર્શાવ્યા છે.)*

હું પણ પૂ.શ્રીનો ગાંડો ભક્ત છું મને તેમના વગર કાંઈ જ સૂઝતું નથી. મારો તો ભગવાન જ એ છે. જો મારે પૈસા ખર્ચવાના હોય તો હું મારા જ



લાભ માટે ખર્ચું ? ના, ખર્ચ્યા પણ નથી. હું પોતે, મારા પિતા ''અમે સૌનો રંગ અવધૂત'' માં માનવાવાળા છીએ. મારા પિતાને સામે ચાલીને પૂ.શ્રીએ બોલાવીને પૂ. શ્રી નારણભાઈની પુણ્યતિથિ કરવાની આજ્ઞા કરી હતી. પરંતુ જૂના બીજા ત્રણ ભક્તોએ (વડોદરાના) એ માટે પૂ.શ્રી પાસે વિનંતી કરતા, પૂ.શ્રીએ એમને મારા પિતાને મળવા કહ્યું. કે મારા પિતાની ઈચ્છા મુજબ કરો, મને વાંધો નથી. મારા પિતાએ ત્રણેની વિનંતીને માન્ય રાખીને ઘણાં વખત સુધી ચારેય જણાએ દરેક વર્ષે એ પૂણ્યતિથિને ન્યાય આપેલો. આ દેહથી પણ ભવિષ્યની પેઢીને કામ લાગે તે પ્રમાણે જે કોઈ પ્રોજેક્ટસ થયા છે તે સર્વ અમદાવાદ રંગ પરિવારને જ અર્પણ કરેલ છે. જેમાં મારે કંઈ લેવા દેવા નથી. તેઓ જ હેંડલ કરે છે. પૂ.શ્રીએ પણ જ્ઞાનકાંડની સમાપ્તિ એ ગુરુ મહારાજની કરેલી ''વંદના'' પણ પોતાના માટે કરેલી હશે છતાંય બીજી લીટીમાં જ ''વિક્ષેપ દૂર થઈ બધા **અમ** ચિત્ત સ્થિર તુજમાં થજો.'' એમ સહુને માટે વંદના કરેલી છે.

બીજા સંપ્રદાયો તથા પરિવારોએ નવી ટેકનોલોજીનો ઉપયોગ કેટલો સરસ કરી રહ્યા છે તે અહીં યુ.એસ.એ.માં જોવા મળે છે. જ્યારે આપણા પરિવારે હજુ સુધી નવી ટેકનોલોજીનો ઉપયોગ કે લાભ લીધો જ નથી. જે એક કરુણા છે !

પરિવારના સૌ રંગભક્તો આ નમ્ર નિષ્કામ પ્રયાસને વધાવી લેશે. પૂજ્યશ્રીના ચરણકમળમાં અનંત કોટી પ્રાર્થના, અનંત કોટી નમસ્કાર, અનંત કોટી વંદન, અનંત કોટી પ્રણામ. ''ગુરુકૃપા હિ કેવલમ્ શિષ્ય પરમ મંગલમ્.''

**જસભાઈ એ. પટેલ (યુ.એસ.એ.)**

## સમપર્ણ વંદના

જેના થકી આપણે સહુ 'પરસ્પર દેવો ભવ' ભાવે એકત્ર થયા એ શ્રી અખિલ ભારત રંગઅવધૂત પરિવારને આ પ્રકાશન / નિર્માણ અહેતુકી ભાવે સમર્પિત કરવાની શ્રી ગુરુમહારાજે અમને પ્રેરણા આપી તે અમારું અહો ભાગ્ય !

**શ્રીમતી કોકિલાબેન જસભાઈ પટેલ**
**યુ.એસ.એ.**

**શ્રીમતી હંસાબેન મહેન્દ્રભાઈ પટેલ**
**યુ.એસ.એ.**